THE TIMES OF INDIA, AHMEDABAD/BARODA
TUESDAY, JANUARY 19, 2021

City lad bags AIR 24, wants to be a teacher

TIMES NEWS NETWORK

Vadodara: A majority of those who aspire to become company secretaries (CS) either look forward for a career in the corporate sector or start their own consultation. But city-lad Sapan Kachhiya has different plans. Sapan wants to become a teacher.

On Monday, as The Institute of Company Secretaries of India (ICSI) declared result of CS foundation program, Sapan bagged All India Rank (AIR) 24 with 77.50 %. The computer based examination for CS foundation program was held in December last year.

"Since the time I was in Class VIII, I have dreamed of becoming a teacher," said Sapan, currently a second year student of bachelors of commerce at M S University's Faculty of Commerce. "I may start my own institute or join an existing institute. But teaching is my passion. I had helped my friend in social science subject when I was in class ten. Later, I helped him in accounts of class 11 and class 12," said Sapan, who plans to clear CS by appearing in both the groups in 2022.

TOI

Sapan Kachhiya

Sapan, whose father Rakesh Kachhiya has taken voluntary retirement after suffering from brain haemorrhage and mother Dipixa works as a sales supervisor, even pens poems.

CS FOUNDATION

Apart from Sapan, 24 other students from Vadodara centre cleared the CS foundation program on Monday. While Vasisahmed Dudhwala and Yugam Shah shared the second position in Vadodara centre by scoring 74.50%, another student Jay Thakkar ranked third in Vadodara centre with 65.50%, officials of Vadodara chapter of ICSI said.

મંગળવાર, તા.૧૯ જાન્યુઆરી, ૨૦૨૧

સીએસ ફાઉન્ડેશન કોર્સની પરીક્ષાનું પરિણામ જાહેર

ઓલ ઈન્ડિયા ૨૪મો રેન્ક મેળવી સપન કાછિયા શહેરમાં પ્રથમ

વડોદરા, સોમવાર

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર માસમાં સીએસ ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ આજે જાહેર થતા શહેરનો વિદ્યાર્થી સપન કાછિયા ૭૭.૫૦ ટકા પ્રાપ્ત કરી ઓલ ઈન્ડિયા ૨૪મો રેન્ક મેળવ્યો છે.

શહેરના ૨૫ વિદ્યાર્થીઓએ ફાઉન્ડેશન કોર્સની પરીક્ષામાં સફળતા મેળવી છે

શહેરમાં પ્રથમ આવનાર તેમજ ઈકોનોમિક્સ અને સ્ટેટેસ્ટિક્સમાં સૌથી વધુ ૮૪ માર્કસ મેળવનાર સપને કહ્યું કે ફાઉન્ડેશન માટે છેલ્લા એક વર્ષથી તૈયારી કરતો હતો.

જૂન ૨૦૨૦માં ફાઉન્ડેશનની પરીક્ષા આપવાની હતી પરંતુ કોરોનાના કારણે તે પાછળ ઠેલવાતા ડિસેમ્બરમાં પરીક્ષા આપી હતી. જેને કારણે મારુ ભણવાનું છ મહિના મોડું ચાલી રહ્યું છે. હવે ૨૦૨૨માં એક્ઝિક્યુટિવના બંને મોડેલની એકસાથે પરીક્ષા આપીશ. ૪૦૦માંથી ૩૧૦ માર્કસ મેળવનાર સપન હાલ એમ.એસ.યુનિ.માં બીકોમના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે. સીએસના અભ્યાસ પછી તેને લો અને એકાઉન્ટના શિક્ષક બનવું છે.

૪૦૦માંથી ૨૯૮ માર્કસ મેળવનાર અને શહેરમાં બીજુ સ્થાન મેળવનાર અને એમ.એસ.યુનિ.માંથી બીકોમનો અભ્યાસ કરનાર વસિસ એ.દૂધવાલાએ કહ્યું કે ફક્ત ચાર માર્કસ માટે ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ ૨૫માં સ્થાન મેળવવાનું ચૂકી ગયો છું પરંતુ એક્ઝિક્યુટિવમાં મારો ટાર્ગેટ ટોપ ૧૦માં સ્થાન પ્રાપ્ત કરવાનું છે. સીએસ પૂર્ણ કર્યા પછી લોનો અભ્યાસ કરીશ કારણકે હાલ કંપનીઓમાં સિવિલ વકીલોની ખૂબ માગ છે.

૬૫.૫૦ ટકા સાથે શહેરમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરનાર જય ઠક્કર ઉમરેઠનો રહેવાસી છે.

સામાન્ય ઘરમાંથી આવતો જય બીકોમ અને સીએસના અભ્યાસ માટે રોજ વિદ્યાનગર અપડાઉન કરતો હતો. તેણે કહ્યું કે ફાઉન્ડેશનની તૈયારી માટે રોજ ૮થી ૯ કલાક વાંચતો હતો, સાથે પપ્પાની નાની ઈલેક્ટ્રોનિકની દુકાન છે ત્યાં થોડી મદદ પણ કરતો હતો. સીએસની ફાઈનલ એક્ઝામમાં રેન્ક મેળવીને સારી નોકરી મેળવીને પરિવારને મદદ કરવાનું મારુ સ્વપ્ન છે.

ઉલ્લેખનીય છે કે સીએસ ફાઉન્ડેશન કોર્સની ૨૬ અને ૨૭ ડિસેમ્બરે પરીક્ષા લેવાઈ હતી જેમાં શહેરના ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ઉપરાંત ૯ અને ૧૦ જાન્યુઆરીએ લેવાયેલ સીએસ એક્ઝિક્યુટિવ એન્ટરન્સ ટેસ્ટનું પણ આજે પરિણામ જાહેર થયું છે.

શહેરના ૨૫ વિદ્યાર્થીએ C S ફાઉન્ડેશનની એક્ઝામ ક્લીઅર કરી

C S ફાઉન્ડેશનમાં શહેરનો વિદ્યાર્થી સપન કાછીયા દેશમાં ૨૪મા ક્રમે

ગત તા. ૨૬- ૨૭ ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન એક્ઝામ યોજાઈ હતી

વડોદરા

ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા- ICSI દ્વારા તાંજેતરમાં જાન્યુઆરી મહિનામાં લેવામા આવેલી સી એસ ફાઉન્ડેશનની એક્ઝામમાં શહેરનો વિદ્યાર્થી સપન કાછીયા નેશનલ લેવલ ઉપર ૨૪માં ક્રમે રહ્યો હતો. બરોડા ચેપ્ટરના ૨૫ વિદ્યાર્થીઓ સી એસ ફાઉન્ડેશનની એક્ઝામ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. આ વિદ્યાર્થીઓ નેશનલ લેવલ ઉપર C S ફાઉન્ડેશનનુ ૭૩.૩૯ ટકા રીઝલ્ટ નોંધાયું હતુ.

ICSI દ્વારા ગત તા. ૨૬ અને ૨૭મી ડીસેમ્બર જાન્યુઆરી દરમિયાન નેશનલ લેવલ ઉપર C S ફાઉન્ડેશનની કોમ્પ્યુટર બેઈઝડ એક્ઝામ યોજાઈ હતી. સરકારે દેશભરમાં નવો કંપનીઝ એક્ટ અમલી બનાવ્યા બાદ દેશભરમાં C S ની માંગ અને તેમની મહત્તા ઉપરાંત તેમની જવાબદારીઓ ખૂબ વધી ગઈ છે તેમ C S નમીતા શાહે જણાવ્યું હતુ.

હવે, ફાઉન્ડેશનની એક્ઝામ ૫- ૬ જૂને

આ વર્ષે જાન્યુઆરીમાં કોમ્પ્યુટર બેઈઝડ સી એસ ફાઉન્ડેશનની એક્ઝામ યોજાઈ હતી. હવે પછીની સી એસ ફાઉન્ડેશન એટલે કે એક્ઝીક્યુટીવ એન્ટ્રન્સ ટેસ્ટની એક્ઝામ આગામી તા. ૫ અને ૬ જૂનના રોજ યોજાનાર છે. આ એક્ઝામ આપવાની ઈચ્છા ધરાવતાં વિદ્યાર્થીઓએ વેળાસર રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે તેમ C S નમીતા શાહે જણાવ્યું હતુ. ઉલ્લેખનિય છે કે, આવતીકાલે બરોડા ચેપ્ટર ખાતે યોજાનાર પદગ્રહણ સમારોહ દરમિયાન C S નમીતા શાહ બરોડા ચેપ્ટરના ચેરમેન તરીકેની જવાબદારી સંભાળશે.

શહેરમાં ટોપ કરનાર વિદ્યાર્થીઓ

વિદ્યાર્થીનુ નામ	સીટી રેંક	ટકા
સપન કાછીયા	ફર્સ્ટ	૭૭.૫૦
વસીસઅહેમદ દુધવાલા	સેકન્ડ	૭૪.૫૦
યુગમ શાહ	સેકન્ડ	૭૪.૫૦
જય ઠક્કર	થર્ડ	૬૬.૫૦

સપન કાછીયા

7:47 27%
sandeshepaper.in/edition/7

Sandesh Newspaper

I C S I દ્વારા C S એક્ઝિક્યુટીવ- પ્રોફેશનલના રિઝલ્ટની જાહેરાત

શહેરના ૯ વિદ્યાર્થીઓ CS થયા

C S એક્ઝિક્યુટીવ અને C S પ્રોફેશનલની આગામી એક્ઝામ ૨૧ ડિસેમ્બરથી યોજાશે

(વડોદરા)

શહેરના ૯ વિદ્યાર્થીઓ કંપની સેક્રેટરીની પરીક્ષા પાસ કરવામા સફળ રહ્યાં હતા. શહેરનો વિદ્યાર્થી સુફીયાન મન્સુરી C S ફાઈનલમાં શહેરમાં મોખરે રહ્યો હતો. ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા - I C A I દ્વારા આજે C S એક્ઝીક્યુટીવ અને C S પ્રોફેશનલ બંન્નેના રીઝલ્ટ જાહેર કરવામા આવ્યાં હતા. I C S I દ્વારા ગત જૂન - ૨૦૨૧માં આ બંન્ને એક્ઝામ આયોજન કરવામા આવી હતી. નેશનલ લેવલ ઉપર C S પ્રોફેશનલ પ્રોગ્રામના મોડ્યુલ વનનુ રીઝલ્ટ ૩૩.૨૨ ટકા, મોડ્યુલ ટૂનુ રીઝલ્ટ ૩૦.૧૫ ટકા તેમજ મોડ્યુલ થ્રીનુ રીઝલ્ટ ૨૯.૨૩ ટકા નોંધાયું હતુ.

શહેરના ૨૦ વિદ્યાર્થીઓ C S પ્રોફેશનલ કોર્સનું મોડ્યુલ વન ક્લીયર કરવામા સફળ રહ્યાં છે. જ્યારે ૨૦ વિદ્યાર્થીઓ મોડ્યુલ ટૂ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. જ્યારે સાત વિદ્યાર્થીઓ મોડ્યુલ થ્રી ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. જ્યારે ૩ વિદ્યાર્થીઓ મોડ્યુલ ફર્સ્ટ અને સેકન્ડ બંન્ને ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. આ ઉપરાંત અન્ય ૩ વિદ્યાર્થીઓ પણ મોડ્યુલ ફર્સ્ટ અને મોડ્યુલ થર્ડ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. જ્યારે ચાર વિદ્યાર્થીઓ મોડ્યુલ સેકન્ડ અને થર્ડ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા તેમ I C S I ના બરોડા ચેપ્ટરના ચેર પર્સન C S નમીતા શાહે માહિતી આપતા જણાવ્યું હતુ.

તેવી જ રીતે, C S એક્ઝીક્યુટીવના ઓલ્ડ કોર્સમાં ૦૮ વિદ્યાર્થીઓ મોડ્યુલ વન તેમજ ૦૩ વિદ્યાર્થીઓ મોડ્યુલ ટૂ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા. આ ઉપરાંત ૨૫ વિદ્યાર્થીઓ C S ન્યૂ કોર્સના મોડ્યુલ વનમાં પાસ થયાં હતા. તેમજ ૧૫ વિદ્યાર્થીઓ સેકન્ડ મોડ્યુલ ક્લીયર કરવામા સફળ રહ્યાં હતા.

C S એક્ઝીક્યુટીવ અને C S પ્રોફેશનલ પ્રોગ્રામની હવે પછીની એક્ઝામ આગામી ડીસેમ્બર ૨૧થી ૩૦ ડીસેમ્બરના સમયગાળામાં યોજાશે. આ એક્ઝામ માટે વિદ્યાર્થીઓ આગામી તા. ૧૪ થી ૩૦ ઓક્ટોબર સુધીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ICSIના બરોડા ચેપ્ટરના ચેરમેન C S નમીતા શાહ, વાઈસ ચેરમેન ગોપાલ શાહ તેમજ ચેપ્ટરના અન્ય પદાધિકારીઓ સાથે C S એક્ઝીક્યુટીવ અને C S પ્રોફેશનલ ક્લીયર કરનારા વિદ્યાર્થીઓ ખુશખુશાલ મુદ્રામા

સુફીયાન મન્સુરી

વિપુલ ચેતરીયા

હરીતા પટેલ

C S એક્ઝિક્યુટીવમાં મોખરે રહેલા વિદ્યાર્થીઓ

વિદ્યાર્થીનું નામ	900માંથી માર્કસ
ધર્મિત શાહ	460
રીટા રાઠોડ	449
માનસી હેડા	434

C S પ્રોફેશનલમાં મોખરે રહેલા વિદ્યાર્થીઓ

વિદ્યાર્થીનું નામ	900માંથી માર્કસ
સુફીયાન મન્સુરી	493
વિપુલ ચેતરીયા	486
હરીતા પટેલ	473

ACPC દ્વારા બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી સંપન્ન

MSU પોલિ માં બીજા રાઉન્ડ બાદ ૯૦ બેઠકો ખાલી

Times of India

Nine from Vadodara qualify to become company secretaries

TIMES NEWS NETWORK

Vadodara: Nine students from the city have qualified to become company secretaries as The Institute of Company Secretaries of India declared results of CS executive and professional programmes.

The exams were held in June this year. "A total of nine students have qualified in CS professional programme (final) in Vadodara," said Namita Shah, chairperson of the Vadodara chapter of the Western India Regional Council of ICSI.

While 20 students cleared module I, seven and eleven others cleared module II and module III respectively. "There are three students each, who have cleared module I and II and module I and III. A total of four students have cleared module II and III," she said.

In the executive programme (new syllabus), 25 students cleared module I while 15 others cleared module II.

In the executive programme (old syllabus), eight students cleared module I while three cleared module II. "In the executive programme, Dharmit Shah, Richa Rathod and Mansi Heda are top scorers. In CS professional, Sufiyan Mansuri, Vipul Chhetariya and Harita Patel are among top scorers in Vadodara."

"I was the first one in my native Juni Fot village of Jamnagar's Bhanwad taluka to clear SSC so clearing CS is certainly a big achievement for me and my family. My father Sajan runs a shop while my mother Lakhi is a homemaker

Vipul Chhetariya

"I am happy that I have completed my graduation in commerce last year and am currently pursuing LLB second year from M S University. Currently, I am pursuing my internship and simultaneously exploring the CS field

Sufiyan Mansuri

ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝની પરીક્ષાનું પરિણામ જાહેર

વડોદરામાંથી નવ વિદ્યાર્થીઓએ કંપની સેક્રેટરીની ડિગ્રી મેળવી

વડોદરા,બુધવાર

ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ દ્વારા ઓગસ્ટ મહિનામાં લેવાયેલી પ્રોફશનલ(ફાઈનલ) અને એક્ઝિક્યુટિવ(ઈન્ટર) પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ છે.વડોદરામાંથી નવ વિદ્યાર્થીઓને સીએસની ડિગ્રી મળી છે.આ વખતે પ્રમાણમાં ઓછા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને એટલે પરિણામ પણ ઓછુ આવ્યુ છે.એક પણ વિદ્યાર્થી રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવવામાં સફળ રહ્યો નથી.

વડોદરાના એક પણ વિદ્યાર્થીને રાષ્ટ્રીય સ્તરે રેન્કિંગમાં સ્થાન મળ્યું નહીં

મળતી જાણકારી પ્રમાણે ફાઈનલ પરીક્ષામાં ૨૦ વિદ્યાર્થીઓએ મોડ્યુલ વન, સાત વિદ્યાર્થીઓએ મોડ્યુલ બે તેમજ અગિયાર વિદ્યાર્થીઓએ મોડ્યુલ ત્રણની પરીક્ષા પાસ કરી છે.જ્યારે ઈન્ટર પરીક્ષામાં ન્યૂ સિલેબસમાં ૨૫ વિદ્યાર્થીઓએ મોડ્યુલ વન અને ૧૫ વિદ્યાર્થીઓએ મોડ્યુલ બેની પરીક્ષા પાસ કરી છે.ઈન્ટર પરીક્ષાના જૂના કોર્સમાં આઠ વિદ્યાર્થીઓએ મોડ્યુલ એક અને ત્રણ વિદ્યાર્થીઓએ મોડ્યુલ બેની પરીક્ષા પાસ કરી છે.

૨૧ જ વર્ષે સીએસની ડિગ્રી મેળવવાની ખુશી છે

હું હજી ૨૧ જ વર્ષનો છું અને મને ખુશી છે કે, આટલી નાની વયે સીએસની ડિગ્રી મળી છે.ગયા વર્ષે મેં કોમર્સમાં ગ્રેજ્યુએશન પુરુ કર્યુ હતુ.હાલમાં હું એમ.એસ.યુનિવર્સિટીમાંથી જ એલએલબીનો અભ્યાસ કરી રહ્યો છું.ઈન્ટર્નશિપ કરતા કરતા મેં સીએસની ફાઈનલ પરીક્ષા માટે તૈયારી કરી હતી .કોરોનાના સમયગાળમાં અભ્યાસ પર અસર ના પડે તે માટે ધ્યાન રાખ્યુ હતુ.પિતા રેસ્ટરોન્ટ ચલાવે છે જ્યારે માતા હાઉસવાઈફ છે.

સુફિયાન મન્સૂરી

સીએસ ફાઈનલમાં ૯૦૦માંથી ૪૯૩ માર્કસ

ભલે સીએસ થયો પણ ભવિષ્યમાં લેખક બનવાની ઈચ્છા

હું મૂળે તો જામનગરનો છું પણ પાંચ વર્ષથી વડોદરામાં જ રહીને અભ્યાસ કરી રહ્યો છું.મારો પરિવાર જામનગરમાં રહે છે.અભ્યાસમાં મિત્રોએ મને બહુ મદદ કરી છે.અન્ય વિદ્યાર્થીઓને મારો સંદેશ છે કે, નિષ્ફળતા મળે તો પણ સીએસનો અભ્યાસ છોડવાનુ વિચારતા નહીં.નિષ્ફળતા પછી સફળતા મળતી જ હોય છે.ઘરમાં મારા જેટલો અભ્યાસ કોઈએ કર્યો નથી.પિતા કરિયાણાની દુકાન ચલાવે છે.ભલે સીએસની ડિગ્રી મેળવી પણ ભવિષ્યમાં લેખક બનવાની ઈચ્છા છે.

વિપુલ છેતરિયા

સીએસ ફાઈનલમાં ૯૦૦માંથી ૪૮૬ માર્કસ

ડેડિકેશન અને હાર્ડ વર્ક વગર સફળતા શક્ય નથી



સીએસની પરીક્ષા આપવાની સાથે સાથે એલએલબીનો અભ્યાસ પણ પૂરો કર્યો છે.મારી ટ્રેનિંગ પણ ચાલતી હતી પણ પરીક્ષાની તૈયારી કરવા માટે એક મહિનો રજા લીધી હતી.મારુ માનવુ છે કે, ડેડિકેશન વગર સીએસ જેવી પરીક્ષા પાસ કરવી શક્ય નથી.નસીબથી નહીં પણ હાર્ડ વર્કથી જ સફળતા મળતી હોય છે.ઘડિયાળની સામે જોયા વગર વાંચવુ જરુરી છે.મારા પિતા એન્જિનિયર છે અને માતા હાઉસ વાઈફ છે.

હરિતા પટેલ

સીએસ ફાઈનલમાં ૯૦૦માંથી ૪૭૩ માર્કસ,

Gujarat Samachar

ભાસ્કર વિશેષ | સીએસનું પરિણામ જાહેર : એક્ઝિક્યુટિવ પરીક્ષામાં જૂના કોર્સમાં 15 વિદ્યાર્થીઓ પાસ થયા

9 વિદ્યાર્થીએ સીએસ પ્રોફેશનલની પરીક્ષાનો કોઠો ભેદ્યો

એજ્યુકેશન રિપોર્ટર વડોદરા | કંપની સેક્રેટરીના એક્ઝિક્યુટીવ અને પ્રોફેશનલ કોર્સનું પરિણામ બુધવારે જાહેર કરવામાં આવ્યું હતું. વડોદરા સેન્ટર ઓફ કંપની સેક્રેટરીએ જણાવ્યું હતું કે 9 વિદ્યાર્થીઓ પ્રોફેશનલની પરીક્ષા ક્લીયર કરી છે. પ્રોફેશનલમાં મોડ્યુલ 1 માં 20, મોડ્યુલ 2 માં 7, મોડ્યુલ 3માં 11, મોડ્યુલ 1 અને 3 માં 3, મોડ્યુલ 1 અને 2 માં 3, મોડ્યુલ 2 અને 4 માં 4 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે એક્ઝીક્યુટીવ પરીક્ષામાં જૂના કોર્સમાં મોડ્યુલ 1 માં 8, મોડ્યુલ 2 માં 3 નવા કોર્સમાં મોડ્યુલ 1 માં 25, મોડ્યુલ 2 માં 15 વિદ્યાર્થીઓ પાસ થયા છે. કોરોના કાળમાં પરીક્ષા કેન્સલ થઈ હોવા છતાં હિંમત હાર્યા વિના સફળતા પ્રાપ્ત કરી હતી.

સુકન્યા અગ્રવાલ

મને લોકો કહેતા હતા કે નહિ કરી શકે

ભાસ્કર. 21 વર્ષની વયમાં જ મેં સીએસ પૂર્ણ કરી લીધું છે. હું પ્રોફેસર સીએસ બનવાં હું. મારા પરિવારમાં સીએસ કરનાર પ્રથમ વ્યક્તિ છું. મને પણ લોકો કહેતા હતા કે સીએસ અઘરું છે નહિ કરી શકાય છોડી દે પરંતુ ચોક્કસપણે પર વિશ્વાસ રાખ્યો તો બધું કરી શકાયું. વધુ સ્ટડીટ નજીકમાં સાબિત કરવું હતું.

વિપુલ સેલરીયા

અધવચ્ચેથી અભ્યાસ ક્યારેય ન છોડો

હું ગ્રામ્યવિસ્તારથી આવું છું મારા માતા પિતા પણ 7 ધોરણ છે પરિવારમાં પણ 12 થી આગળ અભ્યાસ કરનાર હું પ્રથમ વ્યક્તિ છું. મેં બીકોમ, અભ્યાસથી કર્યું છે અને સીએસ કર્યું છું. પ્રોફેશનલ કોર્સના વિદ્યાર્થીઓને હું કહીશ કે તમારે અભ્યાસ અધવચ્ચેથી અભ્યાસ છોડવા નહીં કોમ તો પણ છોડો, તમને ચુકવી પ્રમાણ કરો.

હરીતા પટેલ

રૂમમાં મોટિવેશનલ કવોટ લખતી હતી

નવ ચાર પ્રયત્નો પછી એક તબક્કે હું નાસીપાસ થઈ હતી. જોકે કોમ છતાં હિંમત હારી ના હતી. કોરોના સમયે પરીક્ષા યોજે કે નહિ તે વિશે ચિંતા પછી પરીક્ષા સતત કેન્સલ થઈ રહી હતી. અહમ્ પણ મોટીવેશનલ વિડિયો જોતી. મારા રૂમમાં રાખેલા બોર્ડ પર મોટીવેશનલ કોટ લખતી જેથી તેનો ફોર્મ મારાં રહી હતી.

Divya Bhaskar

આઈ સી એસ આઈ વડોદરા ચેપ્ટર તરફથી સી એસ ચેરપર્સન નમિતા શાહ, વાઈસ ચેરમેન ગોપાલ શાહ, સેક્રેટરી અંકુર

વિદ્યાર્થીઓ તથા સીએસ સભ્યો માટે સ્ટડી સેન્ટરનું આયોજન થાય તે માટે અને શિક્ષકોનું મૂલ્ય વધારવા નું આયોજન છે.

દિવ્ય ભાસ્કર
ગોધરા-દાહોદ ભાસ્કર 19-12-2021

ગોવિંદ ગુરુ, વડોદરા ચેપ્ટર ઓફ ICSI વચ્ચે MOU

ભાસ્કર ન્યૂઝ. ગોધરા

ગોધરાની ગોવિંદ ગુરૂ યુનિ.એ અગાઉ પોલીસ વિભાગ, બેંક સાથે તથા તાજેતરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે MOU કરી ગોવિંદ ગુરૂ યુનિ. દ્વારા એક પછી એક મહત્વની કામગીરી કરી છે. ત્યારે શુક્રવારે વડોદરાની ચેપ્ટર ઓફ ICSI એકેડેમિક કોલબ્રેશન ઇનીસેટિવના હેતુથી MOU સાઈન કરેલ છે.

કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણ, ઇન્ચાર્જ રજિસ્ટ્રાર ડો.મુકેશ પટેલ તથા ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સના ફેકલ્ટી ડો.અજય સોની અને સોમાની તથા પાસ્ટ ચેરમેન હિમાંશુ પરમાર તથા એકજીક્યુટિવ ઓફિસર ધીરજ ગુપ્તા હાજર રહ્યા હતા. આ એમઓયુનો હેતુ બન્ને સંસ્થા માટે જ્ઞાન અને કૌશલ્યના ક્ષેત્રમાં વિસ્તાર વધારવાનો છે. જેના દ્વારા વિદ્યાર્થી તથા શિક્ષકોને વ્યવશાયિક વિકાસમાં વધારો થશે કોર્પોરેટ ગવરનન્સ ક્ષેત્રે મુલ્ય સર્જન થશે. જે ભવિષ્યમાં સારા ગર્વનન્સ માટે અગ્રલેખ થશે. બને સંસ્થાના અગ્રણીઓ એવું માને છે આ એમઓયુનો હેતુ પૂર્ણ થઈ તે માટે ગોવિંદ ગુરૂ યુનિ. માટે